# વહાબીઓ થકી

## અસલ કિતાબોમાં થતી ઘાલમેલની દાસ્તાન !....


:: સંપાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા તાજુશ્શરીઅહ,
તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)



GRWB/059/Bharuch/02

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦,
તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૯૪૨૭૪૬૪૪૧૧
Web. barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૯૨ | આવૃત્તિ–૨ | પ્રત : ૪૫૦૦ |
| ૧૫–શાબાનુલ મુઅઝ્ઝમ | હિ.સ. ૧૪૩૩ | જુન–૨૦૧૨ |

પોસ્ટકાર્ડ લખી કે SMS કરી મફત મંગાવો !
94274 64411 અથવા 94278 17399

નૂરાની આર્ટ–દયાદરા


## :: અનુક્રમણિકા ::


| | |
|---|---|
| ❉ વહાબીઓ થકી તફસીરે સાવીમાં હેરફેર ! | 04 |
| ❉ શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہની કિતાબ : ''મદારિજુન્નબુવ્વત''માં હેરફેર ! | 06 |
| ❉ દેવબંદી પેશવા થાનવી તથા અંબેઠવીની ખયાનત ! | 08 |
| ❉ મુલ્લા અલી ક઼ારીની કિતાબમાં હેરફેર ! | 09 |
| ❉ કિતાબ અક઼ીદતુસ્સલફિ અસ્હાબુલ હદીષમાં હેરફેર | 11 |
| ❉ ઈમામ નવવીની કિતાબુલ અઝકારમાં ઘાલમેલ ! | 15 |
| ❉ ઈમામ સખાવીની ''અલ ક઼ૌલુલ બદીઅ''માં હેરફેર ! | 18 |
| ❉ ગૈર મુક઼લ્લિદો થકી ગુન્યતુત્તાલિબીનમાં હેરફેર ! | 21 |
| ❉ કિતાબ ''અલ ક઼ૌલુલ હસન''માં હેરફેર ! | 22 |
| ❉ ફતાવા રશીદિયામાં હેરફેર ! | 22 |
| ❉ કિતાબ ઈમ્દાદુસ્સુલૂકમાં હેરફેર ! | 23 |
| ❉ ખૂદ થાન્વીની નશરુત્તૌયિબ ફી ઝિક્રિલ હબીબમાં હેરફેર ! | 25 |
| ❉ દેવબંદી કિતાબ તહઝીરુન્નાસમાં હેરફેર ! | 26 |
| ❉ અસ્તિત્વ જ ન હોય એવી કિતાબની જલાલુદ્દીન સિયૂતિથી નિસ્બત ! | 27 |
| ❉ દેવબંદી ધર્મમાં જે જેટલો મોટો એટલો અધિક જૂઠો ! | 29 |

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ**

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

ઈસ્લામના ઈતિહાસમાં ૧૪૦૦ ઉપરાંત વરસોની અહલે સુન્નત વ જમાઅતના ઉલમાની મશ્હૂર કિતાબોમાં કુર્આન, હદીષની રૂએ મઝહબે હક્ક઼ અહલે સુન્નતના અક઼ીદા રજૂ કરેલા છે જેના પરથી બોધ લઈને પોતાના ગલત અક઼ીદા તથા પોતે અપનાવેલો જહન્નમ તરફ દોરતો માર્ગ છોડવાને બદલે, વર્તમાનકાળના નવા ફૂટી નીકળેલા બદ્અક઼ીદા વહાબી, દેવબંદી, અહલે હદીષ વગેરેએ પોતે તૌબા કરીને હક્ક઼ને અપનાવવાને બદલે પૂર્વજ બુઝુર્ગોની કિતાબોમાં જ હેરફેર કરવાનો પ્રયાસ કર્યો ! આ જ એમના જૂઠા તથા બાતિલ હોવાની દલીલ છે કે પોતાના જૂઠને છુપાવવા માટે પૂર્વજ બુઝુર્ગોની અસલ કિતાબોમાં હેરફેર કરી રહ્યા છે ! આ યહૂદી ઈસાઈની સ્ટાઈલ છે કે જેમણે આખરી પયગંબરની સ્પષ્ટ નિશાનીઓ તૌરાત તથા ઈન્જીલમાં હતી તેના પરથી આપણા નબી આખિરુઝ્ઝમાં મુહમ્મદ મુસ્તફા ﷺ પર ઈમાન લાવવાને બદલે તેવી આયતોને છુપાવી તથા તેમાં હેરફેર કરીને ગુમરાહ થઈ ગયા. એ જ રાહે ચાલીને વહાબી, દેવબંદી, અહલે હદીષ વગેરે કુર્આનમાં તો હેરફેર ન કરી શક્યા



કેમ કે અલ્લાહે તેની હિફાઝતનો જિમ્મો લીધો હોવાથી તે અશક્ય બાબત હોવાથી તેની આયતોના અર્થોમાં તેમજ પૂર્વજ બુઝુર્ગોની કિતાબોમાં ઘાલમેલ કરીને પોતાના પર જહન્નમી હોવાની મહોર મારી દીધી છે ! એવા લોકો હજી સમજે અને મરતા પહેલાં તૌબા કરી લે, કેમ કે કુર્આને પાકમાં આપણો રબ તઆલા તો ફર્માવે છે :

**وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَأَنْتُمْ تَعْلَمُونَ**

''અને હક્ક઼ સાથે બાતિલને ન ભેળવો અને જાણી જોઈને હક્ક઼ ન છુપાવો.'' *(સૂરએ બક઼રહ, આયત : ૪૨)*

### ★ વહાબીઓ થકી તફસીરે સાવીમાં હેરફેર ! ★

''તફસીરે જલાલૈન'' એક મશ્હૂર તફસીર છે જેને ''જલાલ'' નામના બે શયખો : જલાલુદ્દીન મુહલ્લી (વિસાલ : હિ.સ. ૮૬૪) અને જલાલુદ્દીન સિયૂતી (વિસાલ : હિ.સ. ૯૧૧) رحمۃ اللہ علیہما એ મળીને સંપાદિત કરી છે.

મશ્હૂર માલિકી મુહક્કિક઼ **ઈમામ અહમદ સાવી** (વિસાલ : હિ.સ. ૧૨૪૧)એ આ તફસીર પર એક હાશિયો (ખુલાસો) લખ્યો છે જે ''હાશિયતુસ્સાવી અલલ જલાલૈન'' નામથી પ્રખ્યાત છે. ઈમામ સાવી માલિકી સૂરએ ફાતિર, આયત : ૬ના હેઠળ લખે છે : ''કહેવામાં આવે છે કે આ આયત ખારિજ (ખારજીઓ)ના જાહેર થવાની આગાહી કરે છે. એ ખારજીઓએ કુર્આન તથા સુન્નત (હદીષ)ના અર્થોમાં હેરફેર કર્યો અને એ કારણે મુસલમાનોની જાન તથા માલને હલાલ કરાવ્યાં. અને **તેમની જ પદ્ધતિ પ્રમાણે આજે હિજાઝનો વહાબી ફિર્ક઼ો ચાલી રહ્યો છે.** એ લોકો પોતે પોતાને હક્ક઼ પર સમજે છે, પરંતુ હક઼ીક઼તમાં **એઓ જૂઠા છે. શૈતાન એમના પર સવાર થઈ ચૂક્યો છે**

અને તેમને અલ્લાહની યાદથી ગાફેલ કરી ચૂક્યો છે. આ **શૈતાની ગિરોહવાળા** છે અને હકીકતમાં નુકસાનવાળા છે.'' *(હાશિયતુસ્સાવી અલલ જલાલૈન, સૂરએ ફાતિર, આયત : ૬, (૧) મતબૂઆ બાબુલ હલબી–કાહિરા, ભાગ : ૩, પેજ : ૨૫૫, ઈ.સ. ૧૯૩૦ (૨) મક્તબતુલ મસાદિલ હુસૈની–કાહિરા, ૩/૩૦૭, ૩૦૮, ઈ.સ. ૧૯૩૭) (૩) દારુલ અહયાઉત્તરાષ, બૈરૂત, ૩/૩૦૭, ૩૦૮, ઈ.સ. ૧૯૭૦)*

ઈમામ સાવી માલિકી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૨૪૧) વહાબી ફિર્કાના સ્થાપક ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી તમીમી (મૃત્યુ : ઈ.સ. ૧૨૦૬)ના સમકાલિન હતા અને એના કારસ્તાનોથી ખૂબ માહિર હતા. જેમ કે ઉપરોક્ત તફસીરના લખાણથી જાહેર થાય છે. આ લખાણ વહાબીઓની બુરાઈ તથા વહાબીઓના પેશવા ઈબ્ને અબ્દુલ વહાબ નજદીની સાચી છબી પ્રદર્શિત કરી રહ્યું છે એટલા માટે આ વહાબીઓએ જ્યારે તફસીરે સાવીની નવી આવૃત્તિ બહાર પાડી તો ઉપરોક્ત લખાણમાંથી કેવળ ''વહાબી'' શબ્દ ન ઉડાડી મૂક્યો બલ્કે પૂરા વાક્યને જ ઉડાડી મૂક્યું !

વહાબીઓની નવી આવૃત્તિ જોવા માટે અભ્યાસ કરો : (હાશિયતુસ્સાવી અલલ જલાલૈન, ભાગ : ૩, પેજ : ૩૦૭, ૩૦૮, પ્રકાશક : દારુલ ફિક્ર–બૈરૂત)

**નોંધ** : અસલ કિતાબની તથા હેરફેરવાળી કિતાબની બંનેની ઝેરોક્ષ જોવા માટે વાંચો કિતાબ : તેહરીફાત, અઝ : ફઝુલલ્લાહ સાબરી ચિશ્તી, ફલાહ રિસર્ચ : ફાઉન્ડેશન, એફ–૨૫/૧, ઉપ્પેર ગ્રાઉન્ડ ફલેટ, શાહીન બાગ, અબુલ ફઝલ ઈન્કલેવ–૧૧૪ ઓખલા ન્યુ દિલ્હી–૧૧૦૦૨૫, પ્રાપ્તિ સ્થાન : કુતુબખાના



અમજદિયા, મેટીયા મહલ, જામા મસ્જિદ–દિલ્હી, ૦૧૧–૨૩૨૪૩૧૮૭

**★ શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہની કિતાબ : ''મદારિજુન્નબુવ્વત''માં હેરફેર ! ★**

**હેરફેર નં. ૧** : શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૦૫૨) લખે છે : ''**وهو بكل شیٔ علیم**નો અર્થ એ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઝાતે ઈલાહી તથા અહકામે સિફાતે હક્કને જાણવાવાળા છે અને આપે જાહેરી તથા બાતિની અવ્વલ તથા આખરના સર્વ ઈલ્મોને ઘેરેલા છે.'' *(મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ : ૧, પેજ : ૩, પ્રકાશન વર્ષ : હિ.સ. ૧૨૮૦, પ્રકાશક : નવલ કિશોર–દિલ્હી)*

દેવબંદી પ્રકાશકે મદારિજુન્નબુવ્વતનો જે ઉર્દૂ તર્જુમો પ્રસિદ્ધ કર્યો છે એમાં ઉપરોક્ત વાક્ય ઉડાડી મૂક્યું છે ! *(જુઓ : મદારિજુન્નબુવ્વત, ભાગ : ૧, પેજ : ૨, ૩, અનુવાદક : સઈદુર્રહમાન અલ્વી, પ્રકાશક : મક્તબા રહમાનિયા, ઉર્દૂ બાઝાર–લાહોર)*

**હેરફેર નં. ૨** : **اوّل ما خلق الله نوری**નો ભાવાર્થ એ છે કે અલ્લાહ તબારક વ તઆલાએ સૌ પ્રથમ નૂરે મુહમ્મદી صلی اللہ علیہ وسلمને પેદા ફર્માવ્યું. *(મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ : ૧, પેજ : ૨, હિ.સ. ૧૨૮૦, પ્રકાશક : નવલ કિશોર–દિલ્હી)*

દેવબંદી અનુવાદકે પોતાની આવૃત્તિમાં આ લખાણને પણ ઉડાડી મૂક્યું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૧, પેજ : ૧૧, અનુવાદક : સઈદુર્રહમાન અલ્વી, પ્રકાશક : મક્તબે રહમાનિયા, ઉર્દૂ બાઝાર–લાહોર)*

અને પેજ–૭૧ પર જો તર્જુમો લખ્યો પણ છે તો આગળ કૌંસમાં

(એટલે કે નૂરે નબુવ્વત તથા હિદાયત)ની પાબંદી લગાડીને પોતાના દિલની ગંદકી જાહેર કરતાં એ દર્શાવવા ચાહ્યું કે આપ صلى الله عليه وسلم નૂરે મુજસ્સમ નથી, અને આપની અસલ જાત નૂર નથી. બલ્કે આપનુ કેવળ ''વઅઝ તથા હિદાયત'' ફર્માવવું ''નૂર'' છે. જ્યારે કે હદીષમાં એવી કોઈ પાબંદી કે શર્ત નથી અને ન શયખ અબ્દુલહક્ક઼ દહેલ્વી رحمة الله عليهએ અસલ કિતાબમાં એનો કોઈ ઉલ્લેખ કર્યો છે.

**હેરફેર નં. 3** : શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليهએ હુઝૂરની વિલાદત પર ખુશ થઈને અબૂ લહબે પોતાની લોંડી આઝાદ કરી, તે ખુશી બદલ તેના અઝાબમાં ઘટાડો થવાનો વાક઼યો દર્શાવીને પછી હુઝૂર صلى الله عليه وسلمની વિલાદતની ખુશી મનાવનારાઓની પ્રશંસા કરી છે. *(મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ : ૨, પેજ : ૨૬, હિ.સ. ૧૨૮૦, પ્રકાશક : નવલકિશોર–દિલ્હી)*

એ વાત ચમક્તા સૂરજ જેમ જાહેર છે કે દેવબંદી, વહાબી જમાઅતી મીલાદુન્નબી صلى الله عليه وسلم મનાવવાને શિર્ક તથા બિદઅતમાં ગણે છે એટલા માટે તેમણે પોતાના તર્જુમામાં ઉપરોક્ત લખાણને પણ કટ કરી નાખ્યું ! *(જુઓ : મદારિજુન્નબુવ્વત, ભાગ : ૨, પેજ : ૩૫, અનુવાદક : સઈદુર્રહ્‌માન અલ્વી, પ્રકાશક : મક્તબે રહમાનિયા, ઉર્દૂ બાઝાર–લાહોર)*

**હેરફેર નં. ૪** : શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه લખે છે : ''હુઝૂરે અકરમ صلى الله عليه وسلمનો પડછાયો ન સૂરજના સમયે પડતો, ન ચાંદના સમયે.'' હકીમ તિર્મિઝીએ ઝકવાન رضی الله عنهથી ''નવાદેરુલ ઉસૂલ''માં એ જ પ્રમાણે વર્ણન કર્યું છે. *(મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ : ૧, પેજ : ૨૬, હિ.સ. ૧૨૮૦, પ્રકાશક : નવલકિશોર–દિલ્હી)*



આ લખાણને દેવબંદી અનુવાદકે તદ્દન ઉલ્ટાવીને રજૂ કર્યું અને લખ્યું છે કે : ''સહીહ વાત એ છે કે નબી عليه الصلوٰة والسلامનો પડછાયો મુબારક હતો.'' *(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૨, પેજ : ૩૫, અનુવાદક : સઈદુર્રહમાન અલ્વી, પ્રકાશક : મક્તબે રહમાનિયા, ઉર્દૂ બાઝાર–લાહોર)*

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ ‘તહરીફાત’નો અભ્યાસ કરવો.*

## ★ દેવબંદી પેશવા થાનવી તથા અંબેઠવીની ખયાનત ! ★

શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه પોતાની મશહૂર કિતાબ ''મદારિજુન્નબુવ્વત''માં લખે છે : કેટલાક લોકો આ જગાએ એ શંકા લાવે છે કે અમુક રિવાયતોમાં આવ્યું છે કે હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, ''હું બંદો છું, હું નથી જાણતો કે આ દીવાલ પાછળ શું છે.'' આ વાતની કોઈ અસલ નથી અને ન તો આ પ્રકારની કોઈ સહીહ રિવાયત આવેલી છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૧, પેજ : ૯, પ્રકાશક : નવલકિશોર–દિલ્હી)*

હવે જુઓ ! દેવબંદીના કુતબુલ ઈર્શાદ રશીદ અહમદ ગંગોહી તથા મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી પોતાની રસૂલ દુશ્મનીની સાબિતી આપતાં ઉપરોક્ત લખાણમાં પોતાની કિતાબમાં હેરફેર સાથે નક઼લ કરતાં લખે છે :–

શયખ અબ્દુલહક્ક઼ રિવાયત કરે છે કે, ''મને દીવાલ પાછળનો ઈલ્મ નથી.'' *(બરાહીને ક઼ાતિઅહ, પેજ : ૧૨૧, ૧૨૨, પ્રકાશક : કુતુબખાના ઈમદાદિયહ, દેવબંદ–યુ.પી.)*

**વાંચકો !** આ વાત પર વિચારણા કરો કે શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه પોતાની કિતાબમાં ઉપરોક્ત મનઘડત રિવાયતની રદ કરતાં સ્પષ્ટપણે લખે છે કે, ''આ વાતની કોઈ

અસ્લ નથી અને ન આ પ્રકારની કોઈ સહીહ રિવાયત આવેલી છે.'' પરંતુ દેવબંદી મોલ્વીઓએ શયખ અબ્દુલહક્ક઼ رحمۃ اللہ علیہના આ લખાણને નક઼લ જ ન કર્યું અને અધૂરુ લખાણ લખીને હઝરત શયખના જ લખાણથી એ સાબિત કરવાની કોશિશ કરી કે ખૂદ હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ વાતને માનનારા છે કે રસૂલુલ્લાહ ﷺને દીવાલ પાછળનો ઈલ્મ ન હતો !

આટલા મહાન ખયાનતી દેવબંદી પેશવાઓ જ છે તો નાના શું ખેલ નહીં કરતા હોય ?!

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ મુલ્લા અલી ક઼ારીની કિતાબમાં હેરફેર ! ★

''શરહે શિફા''માં હઝરત ઈમામ મુલ્લા અલી ઈબ્ને સુલ્તાન ક઼ારી હરવી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૦૧૪) લખે છે :–

''જો ઘરમાં કોઈ મૌજૂદ ન હોય તો તમે કહો : અસ્સલામુ અલન્નબી વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહ. કેમ કે નબી કરીમ ﷺની રૂહ મુબારક મુસલમાનોના ઘરોમાં હાજર હોય છે.'' *(શરહે શિફા, ભાગ : ૨, પેજ : ૧૧૮, પ્રકાશક : દારુલ કુતુબે ઈલ્મિયહ, લેબનાન)*

આ લખાણ કેમ કે દેવબંદી વહાબી અક઼ીદા પર કારમો ઘા છે જેથી દેવબંદી ખયાનતખોરોના રઈસુલ મુહર્રિફીન મોલ્વી સરફરાઝ સફદર (ગુજરાનવાલા, પાકિસ્તાન) આ લખાણનો તર્જુમો કરતાં લખે છે :–

''અસ્સલામુ અલન્નબી વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહ એટલા



માટે (ન) પઢે કે આપની રૂહ મુબારક મુસલમાનોના ઘરોમાં હાજર હોય છે.'' *(હઝરત મુલ્લા અલી ક઼ારી અને મસ્અલાએ ઈલ્મે ગયબ વ હાઝિરો નાઝિર, મતબૂઆ ગુજરાનવાલા, પેજ : ૩૬, મક્તબાએ સફદરિયા, ગુજરાનવાલા–પાકિસ્તાન)*

**વાંચકો વિચારે !** દેવબંદી મોલ્વીની શાને રિસાલતથી આ કેવી દુશ્મની કે હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہનું અરબી લખાણ : **لَا لِاَنَّ رُوۡحَهٗ عليه السلام حاضر فى بيوت اهل الاسلام** તો સહીહ લખ્યું પરંતુ તર્જુમો કરતી વખતે પોતાની બેઈમાનીથી ''**ન**'' શબ્દનો વધારો કરીને જાહેર કરી આપી.

હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہએ લખ્યું કે, **لِاَنَّ رُوۡحَهٗ** લખ્યું ''એટલા માટે પઢે કે આપ ﷺની રૂહ મુબારક મુસલમાનોના ઘરોમાં હાજર હોય છે.'' તો દેવબંદી મોલ્વીએ **لِاَن**ની સાથે **لَا** વધારાનું મિલાવીને લખાણનો ભાવાર્થ જ બદલી નાખ્યો. **لاحول ولا قوة الا بالله**

આ જ દેવબંદી મોલ્વીએ પોતાની બીજી કિતાબ ''તબરીદુન્નવાઝિર''માં આ જ લખાણ પોતાના તરફથી ખૂદ ઘડીને લખી પણ આપ્યું :–

**لَا لِاَنَّ رُوۡحَهٗ عليه السلام حاضر فى بيوت اهل الاسلام**

''એ ખયાલ સહીહ નથી કે રસૂલે ખુદા ﷺની રૂહ મુબારક મો'મિનોના ઘરોમાં મૌજૂદ છે.'' પછી લખે છે કે, ''અમુક નુસ્ખાઓમાં 'લા' શબ્દ છૂટી ગયો છે.'' *(તબરીદુન્નવાઝિર, મતબૂઆ : મક્તબે સફદરિયા, ગુજરાનવાલા–પાકિસ્તાન)*

**વાંચકો વિચારો !** આવા જૂઠ તથા બનાવટ કરનારા તેમના પેશવા છે તો નાના શું જૂઠ તથા બનાવટ ન કરે ?! અમારી આ હેરફેરિયા દેવબંદી મોલ્વીઓને ચેલેંજ છે કે તેઓ ''શરહે શિફા''

અઝ: મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہનો કોઈ એક એવો કલમી નુસ્ખો અથવા છપાયેલો અસલ નુસ્ખો રજૂ કરે જેમાં لا (લા) ના શબ્દો હોય, ખૂદ લેખકના હાથનો હોય, બાદમાં કોઈ હેરફેરિયોએ એમાં કોઈ ઘાલમેલ કરેલ ન હોય.

હકીકત તો એ છે કે સઘળા દેવબંદી આવુ કોઈ લખાણ પ્રદર્શિત નથી કરી શકતા, કેમ કે એવો કોઈ કલમી કે પ્રિન્ટેડ નુસ્ખો મૌજૂદ જ નથી.

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

**★ કિતાબ અકીદતુસ્સલફિ અસ્હાબુલ હદીષમાં હેરફેર ★**

ઈમામ અબૂ ઉષ્માન સાબૂની શાફઈ رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૪૪૯) ઈમામ જવૈનીના શાગિર્દ હતા. એમના બારામાં ઈમામ બયહકી શાફઈ લખે છે : "અબૂ ઉષ્માન સાબૂની શાફઈ પોતાના સમયના શૈખુલ ઈસ્લામ, ફકીહ, મુહદ્દિષ, મુફસ્સિર અને મુસલમાનોના ઈમામ હતા. *(તબકાતે શાફઈય્યહ કુબરા, અઝ : ઈમામ સુબકી, ભાગ : ૪, પેજ : ૨૮૮)*

ઈમામ અબૂ ઉષ્માન સાબૂની પોતાની મશહૂર કિતાબ "અલ અકીદતુસ્સલફિ અસ્હાબિલ હદીષ"માં લખે છે : "મેં હિજાઝનો સફર રસૂલુલ્લાહ ﷺના **'રોઝાની ઝિયારતની'** નિય્યતથી કર્યો."

આ લખાણ વહાબી અકીદાથી વિરુદ્ધ છે (કેમ કે તેમને ત્યાં રોઝાની ઝિયારત શિર્ક છે ! જુઓ તકવિયતુલ ઈમાન) એટલા માટે તેમણે નવા છપાયેલા નુસ્ખાઓમાં આ લખાણમાં ફેરફાર કરી નાખ્યો. નીચેના લખાણમાં અમે આ કિતાબના ત્રણ હેરફેરવાળા



નુસ્ખાનું નિરીક્ષણ કરીશું.

**હેરફેર નં. ૧** : પ્રથમ હેરફેરવાળા નુસ્ખામાં આ પ્રમાણે ફેરફાર કરી આપવામાં આવ્યો કે :–

"મેં હિજાઝનો સફર રસૂલુલ્લાહ ﷺની **મસ્જિદની ઝિયારત**ની નિય્યતથી કર્યો.

હાશિયામાં વહાબી લેખક લખે છે : "અસલ લખાણમાં રસૂલુલ્લાહ ﷺના 'રોઝાની ઝિયારત' હતી **પરંતુ આ એક ગલતી હતી !** કેમ કે સફરની ઝિયારત કેવળ ત્રણ મસ્જિદો માટે છે." *(અલ્ અકીદતુસ્સલફિ અસ્હાબિલ હદીષ, પેજ : ૬, પ્રકાશન વર્ષ : હિ.સ. ૧૯૩૭, મુહક્કિક અબ્દુલ્લાહ અસ્સબત કુવૈતી, દારુસ્સફિયહ, કુવૈત)*

વહાબીઓની આ જ કુટેવ છે કે તેમણે ઈમામ સાબૂનીને શૈખુલ ઈસ્લામ રૂપે તો સ્વીકાર્યા, પરંતુ તેમના લખાણમાં ફેરફાર કરી નાખ્યો કેમ કે એ ઈબ્ને તયમિયાની માન્યતાના વિરુદ્ધ હતું કે જેના પ્રમાણે સફર કેવળ ત્રણ મસ્જિદોનો કરવામાં આવે છે. આ હેરફેર કેવળ ઈબ્ને તયમિયાના અકીદાની બરાબરી પેદા કરવા માટે કરવામાં આવી.

**હેરફેર નં. ૨** : ત્યારબાદ આ કિતાબનો એક અન્ય વહાબી નુસ્ખો પ્રસિદ્ધ થયો જેમાં મૂળ લખાણ જેમનું તેમ યથાવત રાખવામાં આવ્યું, પરંતુ હાશિયામાં રસૂલુલ્લાહ ﷺના રોઝા મુબારકની ઝિયારત માટે સફર કરવા બદલ ઈમામ સાબૂનીની ટીકા ટીપ્પણ કરવામાં આવી. *(અલ્ અકદતુસ્સલફિ અસ્હાબિલ હદીષ, હિ.સ. ૧૪૦૪, દારુસ્સલફિયહ, કુવૈત)*

**હેરફેર નં. ૩** : ત્રીજા બહાર પડેલ નુસ્ખામાં ઈમામ સાબૂનીના લખાણમાં ધડમૂળથી ફેરફાર કરીને આ પ્રમાણે લખાણ લખવામાં આવ્યું કે :–

"મેં હિજાઝનો સફર રસૂલુલ્લાહ ﷺની **મસ્જિદની ઝિયારત**ની નિય્યતથી કર્યો." *(અલ્ અકીદતુસ્સલફિ અસ્હાબિલ હદીષ, મુહક્કિક અબી ખાલિદ મજદી બિન સઅદ, પ્રકાશક : દારુત્તૌહીદ–કુવૈત)*

**વિચારો !** આ ત્રીજા નુસ્ખામાં પ્રથમ નુસ્ખાની જેમ લખાણ તો ફેરવી જ નાખ્યું પરંતુ કાંઈ નોંધ (હાશિયો) પણ નથી મારી જેથી વાંચકોને મૂળ લખાણ શું હતું તેની ખબર જ ન થઈ શકે !

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

**★ ઈમામ નવવીની કિતાબુલ અઝકારમાં ઘાલમેલ !★**

શયખુલ ઈસ્લામ, ફકીહ મુહદ્દિષ, હાફિઝુલ હદીષ, ઈમામ નવવી શાફઈ رحمة الله عليه (વિસાલ : હિ.સ. ૬૭૬) પોતાની મશ્હૂર કૃતિ "કિતાબુલ અઝકાર"માં ઉતબીનો મશ્હૂર બનાવ વર્ણન કરતાં લખે છે :–

"ઉતબીએ કહ્યું, હું નબી ﷺની કબ્ર પાસે બેઠેલો હતો એવામાં એક અઅ્રાબીએ આવીને કહ્યું, અસ્સલામુ અલૈકમ યા રસૂલલ્લાહ ! મેં અલ્લાહ ﷻનો આ ઈર્શાદ સાંભળ્યો છે :–

ولو انهم اذ ظلموا انفسهم جاؤكَ ... الآية અને હું આપની પાસે આવી ગયો છું અને મારા ગુનાહો પર અલ્લાહ તઆલાથી માફી ચાહું છું અને મારા રબની બારગાહમાં આપનાથી શફાઅત તલબ કરું છું. પછી તેણે બે શેઅર પઢયા :–

(અર્થ) : "હે તે કે જમીનમાં દફન થયેલાઓમાં સૌથી બેહતર છે, જેમની ખૂશ્બૂથી જમીન તથા ટેકરીઓ ખૂશ્બૂદાર થઈ ગઈ. મારી જાન આ કબ્ર પર ફિદા થાય જેમાં આપ રહો છો. એમાં



માફી છે, એમાં સખાવત છે અને લુત્ફો કરમ છે."

પછી તે અઅરાબી જતા રહ્યા. ઉતબી વર્ણવે છે કે મારા પર ઊંઘ સવાર થઈ ગઈ અને મેં ખ્વાબમાં નબી ﷺની ઝિયારત કરી અને આપે ફર્માવ્યું, હે ઉત્બી ! એ અઅ્રાબીની પાસે જઈને તેને ખુશખબરી આપો કે અલ્લાહે એની મગફેરત કરી આપી છે. *(અલ્ અઝકાર, પેજ : ૨૬૪, દારુત્તરાષ–બૈરૂત)*

ઉપરોક્ત રિવાયતમાં વહાબીઓએ ઘણી વિવિધ તબદીલીઓ (હેરફેર) કરી છે.

દારુલ હુદા, રિયાઝે હિ.સ. ૧૪૦૯માં "અલ અઝકાર"નો એક નુસ્ખો બહાર પાડયો જેમાં નીચે મુજબના ફેરફારો કરી નાખ્યા :–

**હેરફેર નં. ૧ :** ઈમામ નવવીએ ઉપરોક્ત બનાવ પ્રકરણ "રસૂલુલ્લાહ ﷺની **કબ્રની ઝિયારત** તથા તેના અઝકારના બયાનમાં"ના હેઠળ લખ્યો છે. પણ વહાબી નુસ્ખામાં હેડિંગ બદલીને પ્રકરણ "રસૂલુલ્લાહ ﷺની **મસ્જિદની ઝિયારત** વિશે" કરી નાખ્યું. કેમ કે વહાબી ધરમમાં રસૂલુલ્લાહ ﷺના રોઝાની ઝિયારતના માટે સફર ખેડવી જાઈઝ નથી ! એટલા માટે તેમણે પોતાના અકીદાની સાબિતીની ભાંજગડમાં આ ઘાલમેલ કરી નાખી.

**હેરફેર નં. ૨ :** ઈમામ નવવી લખે છે કે જે શખ્સ પણ હજ્જ કરે તેણે **રસૂલુલ્લાહ ﷺની ઝિયારત** કરવી જોઈએ. (يَنْبَغِى)

વહાબી નુસ્ખામાં આ લખાણને બદલીને આ પ્રમાણે કરી દેવામાં આવ્યું : "જાણવું જોઈએ કે જે શખ્સ પણ હજ્જ કરે તેણે **રસૂલુલ્લાહ ﷺની મસ્જિદની** ઝિયારત કરવી મુસ્તહબ (**يستحب**) છે."

વિચારો ! يَنْبَغِي ને બદલીને **يستحب** કરી આપ્યું અને ઝિયારતે રસૂલુલ્લાહ ﷺને બદલીને ઝિયારતે મસ્જિદે રસૂલુલ્લાહ કરી આપ્યું.

**હેરફેર નં. ૩** : ઈમામ નવવી આ લખાણમાં રસૂલુલ્લાહ ﷺના રોઝા મુબારકની ઝિયારત વખતે પઢવામાં આવનારી દુઆ આ પ્રમાણે લખે છે : "યા અલ્લાહ ! મારા પર તારી રહમતનો દરવાજો ખોલી આપ, અને તારા **નબી ﷺની ઝિયારતના** ઝરીયા મારા પર રહમ ફર્માવ."

કહેવાતા તૌહીદ પરસ્ત વહાબીઓએ પોતાના તરફથી પ્રસિદ્ધ કરેલ એ જ કિતાબમાં આ પ્રમાણે ઘાલમેલ કરી : "યા અલ્લાહ ! મારા પર તારી હમતનો દરવાજો ખોલી આપ અને તારા **નબી ﷺની મસ્જિદ**ની ઝિયારતના ઝરીયા મારા પર રહમ ફર્માવ."

ન્યાયપ્રિય વાંચકો વિચારે કે અહીં **"નબી ﷺના રોઝા"**ની ઝિયારતને બદલીને **"નબી ﷺની મસ્જિદ"**ની ઝિયારત કરી આપ્યું !

**હેરફેર નં. ૪** : ઉપરોક્ત લખાણોમાં ઈમામ નવવીએ ઉત્બીનો જે બનાવ વર્ણવ્યો છે તેને **વહાબીઓ થકી છપાયેલ નુસ્ખામાં ધડમૂળથી પૂરો બનાવ જ ઉડાડી મૂકાયો છે !**

અહીં અમે એ જણાવી દઈએ કે ઉત્બીના આ બનાવને નીચે મુજબના મુહદ્દિષો તથા મુફસ્સિરોએ પોતાની કિતાબોમાં વર્ણન કરેલ છે.

**૦૧.** ઈમામ નવવી શાફઈ (વિસાલ : હિ.સ. ૬૭૬) અલ્અઝકાર, પેજ ૨૬૪, અલ્જમૂઅ, ભાગ : ૮, પેજ : ૨૧૭, અલ્જાહ ફી મનાસિક

**૦૨.** ઈબ્ને જમાઅતુશ્શાફઈ (વિસાલ : હિ.સ. ૭૩૩)



હિદાયતુસ્સાલિક, ૩/૧૩૮

**૦૩.** ઈબ્ને અકીલ હંબલી (વિસાલ : હિ.સ. ૫૧૩) કિતાબુત્તઝકેરહ

**૦૪.** ઈબ્ને કુદામતુલ હંબલી (વિસાલ : હિ.સ. ૬૨૦) અલ્મુગ્ની

**૦૫.** ઈમામ કુર્તબી માલિકી (વિસાલ : હિ.સ. ૬૭૧) તફસીરુલ જામિઈલ અહકામિલ કુર્આન, ૫/૨૬૫

**૦૬.** ઈમામ સમહૂદી શાફઈ (વિસાલ : હિ.સ. ૯૧૧) ખુલાસતુલ વફા, પેજ : ૧૨૧

**૦૭.** મુફતીએ મક્કા શયખ અહમદ બિન ઝયની દહલાન મક્કી (વિસાલ : હિ.સ. ૧૩૦૪) ખુલાસતુલ કલામ, ૨/૨૭૪

**૦૮.** ઈબ્ને કષીર (વફાત : હિ.સ. ૭૭૪) સૂરએ નિસાઅ્, આયત : ૬૪ના હેઠળ આ રિવાયતને નકલ કર્યા બાદ લખે છે : શયખ અબૂ નસ્ર બિન સબાગે ઉત્બીની મશ્હૂર રિવાયતને પોતાની કિતાબ અશ્શમામિલમાં નકલ કરેલ છે.

**૦૯.** ઈબ્ને કષીર, અલ્ બિદાયા વન્નિહાયા, ૧/૧૮૦

**૧૦.** ઈમામ અલ્બૂતી હંબલી (વફાત : હ.સ. ૧૦૫૧) કશ્ફુલ કનાઅ, ૫/૩૦

**૧૧.** ઈમામ તકીઉદ્દીન સુબ્કી (વફાત : હિ.સ. ૭૫૬) શિફાઉસ્સિકામ ફી ઝિયારતિ ખૈરિલ અનામ, પેજ : ૫૨

**૧૨.** ઈબ્ને જવઝી હંબલી (વફાત : હિ.સ. ૫૯૭) મુષીરુલ ગ઼રામ અસ્સાકિન ઈલા અશ્રફિલ અમાકિન, પેજ : ૪૯૦

**૧૩.** ઈબ્ને હજર હયતમી (વફાત : હિ.સ. ૯૭૪) અલજવાહિરુલ મુનઝ્ઝમ

**૧૪.** ઈમામ અલ્બાજી માલિકી (વફાત : હિ.સ. ૪૭૪)

સુનનુસ્સાલિહીન વ સુનનિ આબિદીન

૧૫. ઈમામ ષઅલ્બી (વિસાલ : હિ.સ. ૪૨૭) તફસીરે કશ્ફુલ બયાન

૧૬. ઈબ્ને નજ્જાર હંબલી (વિસાલ : હિ.સ. ૬૪૩) અખ્બારુલ મદીના–૧૪૭

૧૭. ઈમામ આલૂસી હનફી (વિસાલ : હિ.સ. ૧૨૭૦) તફસીરે રૂહુલ મઆની, ૪/૭૦

૧૮. શયખ અબૂ નસ્રુદીન અલ્સબાગ઼, અશશામિલ (જેવું કે ઈબ્ને કષીરે વર્ણવેલ છે)

૧૯. ઈમામ માવર્દી (વિસાલ : હિ.સ. ૪૫૦) અલ અહકામુસ્સુલ્તાનિયા

૨૦. ઈમામ બયહકી શાફઈ (વિસાલ : હિ.સ. ૪૫૮) શોઅબુલ ઈમાન

૨૧. ઈબ્ને અસાકિરે શાફઈ (વિસાલ : હિ.સ.૫૭૧) તારીખે દમિશ્ક઼, ૨/૪૦૮

૨૨. ઈમામ કસ્તલાની શાફઈ (વિસાલ : હિ.સ. ૯૨૩) મવાહિબે લદુન્નિયા

૨૩. ઈમામ અબૂ હૈયાન ઉન્દલુસી (વિસાલ : હિ.સ. ૭૪૫) તફસીરુલ બહરિલ મુહીત

**આટલી કિતાબોમાં આ દર્શાવેલા વિવિધ મુહદ્દિષો, મુફસ્સિરોએ એ રિવાયત પ્રથમ જે વર્ણન કરી તેવી જ નક઼લ કરેલી છે પણ વહાબીઓની રસૂલ દુશ્મની જુઓ કે અસલ કિતાબોમાં કેવી ઘાલમેલ કરી રહ્યા છે ?!** (અલ્લાહની પનાહ !)



***નોંધ** : આ દરેક હેરફેરની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો..*

## ★ ઈમામ સખાવીની ''અલ ક઼ૌલુલ બદીઅ''માં હેરફેર ! ★

ઈમામ શમ્સુદ્દીન સખાવી (વિસાલ : હિ.સ. ૯૦૨) એક મશ્હૂર મુહદ્દિષ, ફક઼ીહ તથા ઈતિહાસકાર થઈ ગયા. દુરૂદ શરીફના ફઝાઈલ પર તેમની કિતાબ ''અલ્ ક઼ૌલુલ બદીઅ'' મશ્હૂર છે. હાલમાં જ દેવબંદીઓએ એ કિતાબનો ઉર્દૂ અનુવાદ પ્રસિધ્ધ કર્યો છે જેમાં તેમણે રસૂલ દુશ્મનીનું પ્રદર્શન કરતાં આ કિતાબમાં કેટલીયે જગાએ હેરફેર કરી નાખી.

**હેરફેર નં. ૧** : અલ્લામા સખાવી, અબૂબક્ર ઈબ્ને મુહમ્મદથી નક઼લ કરે છે કે, ''હું હઝરત અબૂબક્ર બિન મુજાહિદની પાસે હતો એવામાં શયખુલ મશાઈખ હઝરત શિબ્લી رحمۃ اللہ علیہ આવ્યા. તેમને જોઈને અબૂબક્ર બિન મુજાહિદ ઉભા થઈ ગયા, તેમનાથી ગળે મળ્યા અને તેમની પેશાનીને બોસો આપ્યો. મેં તેમને અર્ઝ કરી કે મારા સરદાર ! તમો શિબ્લી સાથે આવુ વર્તન કરો છો ?! જ્યારે કે આપ તથા સર્વ બગદાદના ઉલમા એવું ખયાલ કરે છે કે એ દીવાના છે. તેમણે ફર્માવ્યું કે મેં તેવું જ કર્યું જેવું કે હુઝૂરે અકરમ ﷺને કરતાં જોયા. પછી તેમણે પોતાનો ખ્વાબ વર્ણવ્યો કે મને હુઝૂરે અક઼દસ ﷺની ખ્વાબમાં ઝિયારત થઈ કે હુઝૂર ﷺની ખિદમતમાં શિબ્લી હાજર થયા તો હુઝૂર ﷺ ઉભા થઈ ગયા અને તેમની પેશાનીને બોસો આપ્યો અને મારા પ્રશ્ન કરવા પર હુઝૂર ﷺએ જણાવ્યું કે, એ દરેક નમાઝ પછી **لقد جاء کم رسول من انفسکم** છેવટ સુધી (સૂ. તૌબા) સુધી પઢે છે......... ત્યારબાદ ત્રણવાર :–

صلى الله عليك يا محمد، صلى عليك يا محمد،

صلى الله عليك يا محمد

**સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ ! સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ ! સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ !** પઢે છે. *(અલ કૌલુલ બદીઅ–અરબી, પેજ–૧૭૮, પ્રકાશક : દારુર્રૈયાન લિલ તરાષ–કાહિરા)*

પણ દેવબંદી અનુવાદકે આ રિવાયતના છેવટમાં દુરૂદ શરીફ જે "સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ !"ના પોકાર સાથે છે તેને કટ કરી ઉડાડી મૂક્યું ! કેમ કે નવા ફૂટી નીકળેલા દેવબંદી ધરમમાં કોઈને પણ "યા" વડે પોકારવું શિર્ક છે ! *(જુઓ તેમની આવૃતિ : અલ કૌલુલ બદીઅ, પેજ–૮૭, અનુવાદક : મૌલાના મોઅઝ્ઝમુલ હક્ક, સંપાદક : રઝીઉદ્દીન અહમદ ફખરી, પ્રકાશક : ઈદારતુલ કુર્આન વ ઉલૂમિલ ઈસ્લામિયા, ધી ગાર્ડન–કરાચી)*

**હેરફેર નં. ૨** : ઈમામ સખાવી رحمة الله عليهએ 'અલ કૌલુલ બદીઅ'માં લખ્યું છે કે, "અઝાન બાદ સલાતો સલામ પઢવાની બા કાયદા શરૂઆત સુલ્તાનુન્નાસિર સલાહુદ્દીન ઐયૂબી رحمة الله عليهના હુકમથી થઈ. એનાથી પહેલાં હાકિમ બિન અઝીઝ કત્લ થયો તો તેની બહેને છ દિવસ પછી હુકમ આપ્યો કે લોકો એના પુત્ર ઝાહિર પર સલામ પેશ કર્યા કરે. એના પછી પણ ખલીફાઓ પર એ જ પ્રમાણે સલામ પઢાવવા લાગી, ત્યાં સુધી કે સુલ્તાન સલાહુદ્દીને પોતાના સત્તાકાળમાં એ ગલત રસમને નાબૂદ કરીને નબી અકરમ صلى الله عليه وسلم પર અઝાન બાદ દુરૂદો સલામ પઢવાનો હુકમ આપ્યો, જેનો તેમને ભલો બદલો (જઝાએ ખૈર) નસીબ થાય..... અને સહીહ એ છે કે બિદઅતે હસના (સારી બિદઅત) છે અને એવુ કરનારને નેક નિય્યતીનો બદલો મળશે." *(અલ કૌલુલ બદીઅ–અરબી, પેજ–૧૯૬–કાહિરા)*



પણ જુઓ ! દેવબંદી અનુવાદકે "બિદઅતે હસના"નો તર્જુમો કેવળ "બિદઅત" કર્યો ! અને "હસના" શબ્દ તથા આગળનું લખાણ પોતાના નિફાક (મુનાફિકપણા)ને લીધે ગુલ કરી ગયો ! કે, "એવું કરનારને તેની નેક નિયતીનો બદલો મળશે" વાક્ય ઉડાડી મૂક્યું ! આ છે એ બદનિય્યત અનુવાદકનું કારસ્તાન કે અઝાનની સાથે સલાતો સલામ પઢવાના સદીઓ પહેલાંના મુસ્તનદ હવાલાને શાને રિસાલતથી અદાવત તથા દુરૂદ શરીફથી બેઝારીના કારણે ઉડાડી મૂક્યો ! *(જુઓ દેવબંદી થકી પ્રકાશિત કિતાબ : અલ કૌલુલ બદીઅ, પેજ–૮૭, અનુવાદક : મૌલાના મોઅઝ્ઝમુલ હક્ક, સંપાદક : રઝીઉદ્દીન અહમદ ફખરી–કરાચી)*

**હેરફેર નં. ૩** : હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهماનો પગ સુન મારી ગયો તો એક શખ્સે તેમને કહ્યું કે જે તમને સૌથી અધિક મહબૂબ હોય તેનો ઝિક્ર કરો (પુકારો) તો તેમણે પોકાર્યું : "યા મુહમ્મદ !" صلى الله عليه وسلم તો તે જ ઘડીએ તેમનો પગ સાજો થઈ ગયો. *(અલ કૌલુલ બદીઅ–અરબી, પેજ–૨૨૫, કાહિરા)*

પણ દેવબંદી અનુવાદકે આ રિવાયતને પણ એટલે યા રસૂલલ્લાહ ! (صلى الله عليه وسلم) પોકારવાને કટ કરી નાખ્યું અને તેનો તર્જુમો ન કર્યો ! એટલા માટે કે એનાથી જરૂરતના સમયે સહાબાએ કિરામનું રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને પોકારવું તથા ફરિયાદ કરવું સાબિત થાય છે, જ્યારે કે નવા ધર્મવાળા દેવબંદીઓ વહાબીઓના ધરમમાં સહાબાએ કિરામના આ અકીદાને શિર્ક ઠરાવવામાં આવેલો છે ! *(જુઓ : અલ કૌલુલ બદીઅ, પેજ–૧૧૭, અનુવાદક : મૌલાના મોઅઝ્ઝમુલ હક્ક, સંપાદક : રઝીઉદ્દીન અહમદ ફખરી–કરાચી)*

આ છે રસૂલના દુશ્મનો તથા ઘાલમેલિયા પ્રવૃત્તિવાળા બદબખ્ત વહાબી દેવબંદીઓ ! જેથી સમજો ! અને તેમનાથી સંબંધોને ખત્મ કરો ! નહીં તો તમને કે તમારી ઔલાદને જહન્નમી

બનાવી દેશે. સડેલી કેરીને કોઈ સારી કેરીઓના ઢગલામાં નથી રહેવા દેતું તો આ દિલના સડેલાને સાથે સંબંધ રાખશો તો તમને પણ સડો લાગશે ! (અલ્લાહની પનાહ !)

**નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ ‘તહરીફાત’નો અભ્યાસ કરવો.

### ★ ગૈર મુક઼લ્લિદો થકી ગુન્યતુત્તાલિબીનમાં હેરફેર ! ★

ગૌષે આ'ઝમ શયખ અબ્દુલ કા઼દિર જીલાની رحمۃ اللہ علیہની મશહૂર કિતાબ "ગુન્યતુત્તાલિબીન"ના સર્વ ક઼લમી નુસ્ખા તથા પ્રકાશિત થયેલ નુસ્ખાઓમાં તરાવીહની નમાઝના માટે ૨૦ રકાતની સ્પષ્ટતા મળે છે. શયખ અબ્દુલ કા઼દિર જીલાની رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૮૩) લખે છે :–

"અને તરાવીહની ૨૦ રકાતો છે અને દરેક બીજી રકાતમાં બેસે અને સલામ ફેરવે. તો એ પાંચ 'તરવીહા' છે. દરેક ચાર રકાતનું નામ 'તરવીહા' છે અને દરેક બે રકાત બાદ નિય્યત કરે કે હું બે રકાત તરાવીહની નિય્યત કરું છું." *(ગુન્યતુત્તાલિબીન, પેજ–૩૯૬, કા઼દરી કુતુબખાના–લાહોર)*

પરંતુ પાકિસ્તાનના નામ પૂરતા તૌહીદ પરસ્ત ગૈર મુકલ્લિદ ફિર્ક઼ાએ જયારે 'ગુન્યતુત્તાલિબીન'નો નુસ્ખો પોતાના મકતબેથી છપાવ્યો તો એમાં તરાવીહની નમાઝ વિશેના લખાણમાં ઘાલમેલ કરીને આ પ્રમાણે પ્રસિધ્ધ કર્યો કે :–

"અને તરાવીહની વિત્ર સહિત ૧૧ રકાતો છે, અને દરેક બીજી રકાતમાં બેસે અને સલામ ફેરવે." *(ગુન્યતુત્તાલિબીન, પેજ–૫૯૧, મકતબા સઉદિયા, હદીષ મંઝિલ–પાકિસ્તાન)*

વિચારો ! હુઝૂર ગૌ઼ષે પાક رضی اللہ عنہના ચાહવાવાળા આ હેરફેર કરેલ લખાણ કિતાબમાં જુએ તો કેટલા ઉલઝનમાં પડી જાય ?!



આ છે જૂઠા ધરમવાળાઓની ધોકાબાઝીની એક ઝલક !

**નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ ‘તહરીફાત’નો અભ્યાસ કરવો.

### ★ કિતાબ "અલ ક઼ૌલુલ હસન"માં હેરફેર ! ★

સૈયદ અબ્દુલ જલીલ તબતબાઈ (વિસાલ : હિ.સ. ૧૨૭૦) બસરાના એક મશહૂર આલિમે દીન તથા શાઈર હતા. આપ રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمની શાન બયાન કરતાં લખે છે :–

**وجعلته روح جثمان الوجود، وسببا لوجود كل موجود** જેનો ભાવાર્થ છે :–

"(અલ્લાહ તઆલાએ) આપ صلی اللہ علیہ وسلمની રૂહ મુબારકને તમામ મૌજૂદાતના વજૂદનો સબબ બનાવ્યો." *(મતબૂઆ અલ ક઼ૌલુલ હસન ફીમા યસ્ક઼બહ વ અમ્મા યસન–કાહિરા)*

સૈયદ તબતબાઈના પૌત્ર સૈયદ ઈબ્રાહીમ તબતબાઈ વહાબી ખયાલની લપેટમાં આવી ગયા તો તેણે જયારે આ નુસ્ખાને છપાવ્યો તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની શાનમાં કહેવામાં આવેલ આ લખાણને કટ કરી નાખ્યું. *(અલ ક઼ૌલુલ હસન ફીમા યસ્ક઼બહ વ અમ્મા યસન, પેજ–૬૯, પ્રકાશક : અવ્કાસાતે ઈસ્લામિયા–કુવૈત)*

આ હેરફેરનો નિર્દેશ ત્યારે થયો જયારે કે આ છપાયેલા નુસ્ખાની સરખામણી મિસરમાં રાખવામાં આવેલ અસ્લ નુસ્ખા સાથે કરવામાં આવી.

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ ‘તહરીફાત’નો અભ્યાસ કરવો.*

### ★ ફતાવા રશીદિયામાં હેરફેર ! ★

દેવબંદી પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહી એક સવાલના

જવાબમાં લખે છે :

".................. જે શખ્સ સહાબાએ કિરામમાંથી કોઈની તકફીર કરે (કાફિર કહે) તે મલઊન છે, એવા શખ્સને મસ્જિદનો ઈમામ બનાવવો હરામ છે અને તે પોતાના આ ગુનાહે કબીરાના સબબે સુન્નત જમાઅતથી બહાર ન થશે." *(ફતાવા રશીદિયહ, પેજ–૧૩૪, પ્રેસ : ફરીદ બુક ડેપો–દિલ્હી)*

પણ દેવબંદી આલિમો એ વાતને સમજાવવામાં નિષ્ફળ રહ્યા કે કેવી રીતે કોઈ શખ્સ સહાબાએ કિરામની તૌહીન કરીને પણ અહલે સુન્નત વ જમાઅતમાં સામેલ રહી શકે છે ?! તો પોતાના મોલ્વીની આ ગલતીને ઠીક કરવાનો તેમણે એ તરીકો કાઢયો કે "ફતાવા રશીદિયહ"ની નવી આવૃત્તિમાં એ લખાણમાં હેરફેર કરી નાખી.

ફતાવા રશીદિયહની વિવિધ આવૃત્તિઓમાં એ લખાણ હવે આ પ્રમાણે જોવા મળે છે : ".................. જે શખ્સ સહાબાએ કિરામમાંથી કોઈની તકફીર કરે (કાફિર કહે) તે મલઊન છે, એવા શખ્સને મસ્જિદનો ઈમામ બનાવવો હરામ છે અને તે પોતાના આ ગુનાહે કબીરાના સબબે સુન્નત જમાઅતથી ખારિજ થશે." *(ફતાવા રશીદિયહ, પેજ–૧૨૮, ઈદારા ઈસ્લામિયાત–લાહોર)*

***નોંધ*** *: આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

## ★ કિતાબ ઈમ્દાદુસ્સુલૂકમાં હેરફેર ! ★

દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ કિતાબ "ઈમ્દાદુસ્સુલૂક"માં નબી કરીમ ﷺનો સાયો (પડછાયો) ન હોવાને તવાતુરથી સાબિત લખ્યું છે :

"અને તવાતુરથી સાબિત થયું કે આં હઝરત ﷺ સાયો



ધરાવતા ન હતા અને જાહેર છે કે નૂર સિવાય સર્વ શરીરો સાયો ધરાવે છે." *(ઈમ્દાદુસ્સુલૂક–ફારસી, પ્રેસ : મુરાદાબાદ, યુ.પી., પેજ–૧૦૧)*

"તવાતુર"ની વ્યાખ્યામાં મોલ્વી ફઝલુલ્લાહ હિસામુદ્દીન શામઝઈ દેવબંદી લખે છે : "જેને એટલી અધિક સંખ્યામાં રાવીઓ રિવાયત કરે કે જેમનું જૂઠ પર એકત્ર થવું બૌદ્ધિક દષ્ટિએ અશક્ય હોય." *(તફહીમુર્રાવી ફી શરહે તક્રીબુન્નવવી, પ્રેસ : મકતબે જામિઆ ફરીદિયા–ઈસ્લામાબાદ, પેજ–૩૬૮)*

"તવાતુર" શબ્દની વ્યાખ્યા પરથી જાણવા મળ્યું કે **હુઝૂરે અકરમ ﷺનો પડછાયો ન હોવું એટલા બુઝુર્ગોથી સાબિત છે કે જેનો ઈન્કાર નથી થઈ શક્તો.** પણ પોતાના અકીદાની વિરૂધ્ધની આ વાત દેવબંદીઓ શી રીતે સહન કરી શકે ?! જેથી તેમણે પોતે છપાવેલ તર્જુમામાં "તવાતુર" શબ્દનો અર્થ "શોહરત" (ખ્યાતિ) કરી નાખ્યો ! એટલે કે "તવાતુર"થી સાબિત નથી બલ્કે એવું મશહૂર છે કે આપ ﷺનો સાયો ન હતો. જેમ કે કિતાબ ઈમ્દાદુસ્સુલૂક, છપાયી : મદીના પબ્લિશિંગ કંપની, કરાચીથી પ્રસિધ્ધ થયેલ તર્જુમામાં દેવબંદી મોલ્વી આશિક્ ઈલાહી લખે છે :–

"અને શોહરતથી સાબિત છે કે આ હઝરત ﷺનો સાયો ન હતો." *(ઈમ્દાદુસ્સુલૂક, પ્રકાશક : મદીના પબ્લિશિંગ કંપની, કરાચી, પેજ–૧૮૫)*

"શોહરત"ની વ્યાખ્યામાં દેવબંદી મોલ્વી ખાલિદ મહમૂદ લખે છે : "જેના રાવી સનદની શરૂઆતથી છેલ્લી સનદ સુધી બે કે બેથી વધુ રહ્યા હોય પરંતુ "તવાતુર" પર ન પહોંચ્યા હોય." *(આષારુલ હદીષ, અઝ : મોલ્વી ડો. ખાલિદ મહમૂદ, ભાગ–૨, પેજ–૧૩૫, ૧૩૬)*

દેવબંદીઓએ મોલ્વી રશીદ અહમદ ગંગોહીના લખાણમાં શબ્દ ''તવાતુર''નો તર્જુમો ''શોહરત'' એટલા માટે કર્યો કે હુઝૂર ﷺની આ વિશિષ્ટતા (કે સાયો ન હતો)ને એ રીતે રદ કરી આપે કે એ તાવતુરથી સાબિત નથી એટલા માટે અમારા માટે દલીલ પાત્ર નથી !

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ ખૂદ થાન્વીની નશરુત્તૌયિબ ફી ઝિક્રિલ હબીબમાં હેરફેર ! ★

દેવબંદીઓના હકીમુલ ઉમ્મત મોલ્વી અશરફઅલી થાનવી લખે છે : ''હિસ્ને હસીનના ખૂદ ખુત્બામાં લખ્યું છે અને કસીદા બુર્દા લખવાનુ કારણ એ છે કે કસીદા બુર્દાના લેખકને લકવાની બીમારી થઈ ગઈ હતી. જ્યારે કોઈ તદબીર અસરકર્તા ન બની તો આ કસીદો બરકતના ઈરાદાથી લખ્યો અને હુઝૂર ﷺની ઝિયારતથી મુશર્રફ થયા. આપે દસ્તે મુબારક ફેરવી આપ્યો અને તુરત જ સારુ થઈ ગયું.'' *(નસરુત્તૈયિબ ફી ઝિક્રિલ હબીબ, પેજ–૨, પ્રકાશક : વર્લ્ડ ઈસ્લામિક પબ્લિકેશન્સ, દિલ્હી)*

ઈમામ જઝરી શાફઈ (વિસાલ : હિ.સ. ૮૩૩)ની કિતાબ 'હિસ્ને હસીન'ના **આ લખાણથી રસૂલુલ્લાહ ﷺનું દાફિઉલ બલા (બલાઓને દૂર કરનાર) હોવું સાબિત થાય છે.**

યાદ રાખશો કે ''દુરૂદે તાજ''માં હુઝૂર ﷺને **દાફિઉલ બલા** કહેવાના કારણે મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ પોતાની રસૂલ દુશ્મની પ્રદર્શિત કરતાં 'દુરૂદે તાજ' પર વાંધો ઉઠાવ્યો હતો.

**નોંધ** : આ મસ્અલાની અધિક તેહકીક માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ 'અલ્અમ્નો વલ ઉલા'નો અભ્યાસ કરો.



વર્તમાનકાળના દેવબંદી મોલ્વીઓએ ''નશરુત્તૈયિબ''ના આ લખાણને નવી આવૃત્તિ છપાવી એમાંથી મુદ્દલ **હટાવી નાખ્યું** છે ! *(નશરુત્તૈયિબ, પ્રકાશક : દારુલ કિતાબ–દેવબંદી)*

આ કિતાબમાં પ્રકરણ–૨૧ હેઠળ હુઝૂર ﷺની શાનમાં એક લાંબા કસીદાના પ્રારંભમાં આ શેઅરો જોવા મળે છે :

**દસ્તગીરી કીજિયે મેરે નબી !**
**કશ્મકશમેં તુમ હી હો મેરે નબી !**

*(નશરુત્તૈયિબ ફી ઝિક્રિલ હબીબ, પેજ–૧૯૪, વર્લ્ડ ઈસ્લામિક પબ્લિકેશન્સ, દિલ્હી)*

પરંતુ કેમ કે **આ શેઅરથી ઈસ્તિમદાદ (મદદ માગવાનો) અકીદો સાબિત થાય છે, અને દેવબંદી ધરમમાં આ મદદ માગવી શિર્ક છે, એટલા માટે નવી આવૃત્તિના પ્રકાશનમાં એ કસીદાને જ હટાવી નાખ્યો !**

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

અહલે સુન્નત આગલા બુઝુર્ગોની કિતાબોમાં તો આ દેવબંદીઓ પોતાની માન્યતાને સહીહ ઠરાવવા મોટાભાગે હેરફેર તથા ઘાલમેલ કરતા રહે છે જેમ કે અગાઉ કેટલાક નમૂના તમે જોઈ લીધા, પણ **આ લોકો ખૂદ તેમના જ મૃત્યુ પામેલા મોલ્વીઓના લખાણોમાં પણ ક્યારેક ક્યારેક હેરફેર તથા ખયાનત કરવા લાગ્યા છે ! એમની આ કાર્ય પધ્ધતિ જ તેમનુ બાતિલ તથા બાતિલ પરસ્ત હોવું પુરવાર કરે છે.**

### ★ દેવબંદી કિતાબ તહઝીરુન્નાસમાં હેરફેર ! ★

મશહૂર દેવબંદી આલિમ મોલ્વી કાસિમ નાનોત્વી લખે છે : ''અંબિયા પોતાની ઉમ્મતમાં વિશિષ્ટ હોય છે તો **ઈલ્મમાં જ**

**વિશિષ્ટ** હોય છે, બાકી રહ્યો અમલ તો એમાં ઘણીવાર જાહેરી રીતે **ઉમ્મતી બરાબર થઈ જાય છે બલ્કે વધી જાય છે**............" *(તહઝીરુન્નાસ, પેજ–૮, પ્રકાશક : દારુલ કિતાબ દેવબંદ)*

જો કે મુસલમાનોનો એ અક઼ીદો છે કે નબી તથા ઉમ્મતી વચ્ચે કોઈ સરખામણી નથી કરી શકાતી. અંબિયા عليهم السلام દરેક અમલ, ખૂબી તથા મર્તબાઓમાં ઉમ્મતીઓથી વિશિષ્ટ હોય છે.

દેવબંદીઓ જયારે પોતાના આલિમની ઉપરોક્ત બરાબરીવાળા લખાણની તાવીલ કરવાથી લાચાર રહ્યા તો તેમણે એ લખાણમાં જ ફેરફાર કરી નાખ્યો ! ઘાલમેલવાળા નુસ્ખામાં હવે એ લખાણ આ પ્રમાણે જોવા મળે છે :

"..............અંબિયા પોતાની ઉમ્મતથી વિશિષ્ટ હોય છે, બાકી રહ્યો અમલ, એમાં ઘણીવાર જાહેરી રીતે ઉમ્મતી બરાબર થઈ જાય છે બલ્કે વધી જાય છે..........." *(તહરઝીરુન્નાસ, પેજ–૮, ફૈસલ પબ્લિકેશન્સ–દેવબંદ)*

અહીં દેવબંદીઓએ અસલ લખાણમાંથી "ઈલ્મોમાં જ વિશિષ્ટ હોય છે" ને ગાયબ કરી આપ્યું અને પોતાના પેશવાના બાતિલ અક઼ીદાને છુપાવવાની નિષ્ફળ કોશિશ કરી.

***નોંધ*** *: આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ અસ્તિત્વ જ ન હોય એવી કિતાબની જલાલુદ્દીન સિયૂતિથી નિસ્બત ! ★

કહે છે ને કે 'એક જૂઠ છુપાવવા સો જૂઠ બોલવાં પડે' તેમ અહીં દેવબંદીઓ પોતાનો જૂઠો અક઼ીદો સાચો ઠરાવવા આગલી



કિતાબોમાં કેવીક ઘાલમેલ કરે છે તે તો જોયું, પણ હવે મહાન બુઝુર્ગ પ્રતિ મનઘડત કિતાબની જૂઠી નિસ્બત જોડી પોતાના બાતિલ મઝહબની સાબિતી શોધે છે !

જુઓ ! મોલ્વી સરફરાઝખાન સફદર દેવબંદી પોતાની કિતાબમાં લખે છે :–

"ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمة الله عليه લખે છે : તે હદીષો જેમનામાં મોઅઝ્ઝિન થકી કલ્મએ શહાદતમાં આં હઝરત صلى الله عليه وسلمનું નામ સાંભળતી વેળા આંગળીઓ ચૂમવા તથા આંખો પર રાખવાનો ઝિક્ર આવ્યો છે તે તમામે તમામ બનાવટી (મૌઝૂઅ) તથા મનઘડત છે." (બનાવટી) હવાલો : તયસીરુલ મક઼ાલ, અઝ : સિયૂતી, પેજ–૧૨૩, બહવાલા અમાદુદ્દીન, પ્રકાશન વર્ષ : ઈ.સ. ૧૯૭૮ *(રાહે સુન્નત, સરફરાઝખાં દેવબંદી, પેજ–૨૪૩, પ્રકાશક : મકતબે સફદરિયા, ગુજરાનવાલા–પાકિસ્તાન)*

**વાંચકો વિચારો** ! દેવબંદી મોલ્વી સરફરાઝખાને ઈમામ જલાલુદ્દીન સિયૂતીની અસલ કિતાબને જોઈ પણ નથી બલ્કે એક બીજી કિતાબ "અમાદુદ્દીન" પેજ–૧૨૩ નો હવાલો આપ્યો.

**વાંચકોને એ જાણીને આશ્ચર્ય થશે કે ઈમામ જલાલુદ્દીન સિયૂતી શાફઈ رحمة الله عليهએ "તયસીરુલ મક઼ાલ" નામથી કોઈ કિતાબ લખી જ નથી** ! આ ઘાલમેલિયા દેવબંદીઓએ ન કેવળ બનાવટી કિતાબ ઈમામ સ્યૂતીના નામે ઘડી કાઢી બલ્કે એક લખાણ પણ ઘડી કાઢીને એ કિતાબથી જોડી આપ્યું ! સૌથી પહેલો શખ્સ જેણે ઈમામ સ્યૂતી પ્રતિ આ જૂઠી બનાવટી કિતાબ સંબંધિત કરી તે બશીરુદ્દીન કનોજી (મૃત્યુ : હિ.સ. ૧૨૩૪) નામના એક ગૈર મુક઼લ્લિદ મોલ્વીએ પોતાની કિતાબ "બશારતુલ અયનયન ફી મનઅિ તકબીલિલ અબહામીન"માં તયસીરુલ મક઼ાલ

નામની એક બનાવટી કિતાબને ઈમામ જલાલુદ્દીન સિયૂતિના તરફ સંબંધિત કરી !

હાજી ખલીફાએ પોતાની મશહૂર કિતાબ "કશ્ફુલ ઝનૂન"માં ઈમામ સિયૂતિની કિતાબોની જે યાદી આપી છે એમાં "તયસીરુલ મકાલ" નામની કિતાબનું અસ્તિત્વ જ નથી.

**નોંધ** : અંગૂઠા ચૂમવા સંબંધે હદીષોની સંપૂર્ણ ચર્ચા જાણવા માટે ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہની કિતાબ "મુનીરુલ અયન ફી હુક્મિ તક્બીલિલ્ અબ્હામીન"નો અભ્યાસ કરે. –પ્રકાશક : મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા–પોરબંદર, ગુજરાત.

## ★ દેવબંદી ધર્મમાં જે જેટલો મોટો એટલો અધિક જૂઠો ! ★

મલિકુલ ઉલમા હઝરત અલ્લામા બદરુદ્દીન બિહારી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''સવાનેહે આ'લા હઝરત'' માં વહાબીઓના શયખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ ટાંડવીના ફરેબનું ચિત્ર ખેંચતાં લખ્યું છે કે,

''દુનિયામાં વહાબી એક એવી કૌમ છે કે, **જેના મઝહબમાં વહાબિયતના અનુમોદનમાં જૂઠ લખવું ફકત જાઈઝ કે હલાલ નહીં પરંતુ સવાબનું કામ, નેક અમલ અને દીનની ખિદમત છે.** તેથી જો કે,''શેહાબુષ્ષાકિબ''ના સંપાદક હુસૈન અહમદ ટાંડવી દેવબંદીઓના ન ફકત એક પેશ્વા એક પીર છે બલ્કે વહાબીઓના 'શયખુલ ઈસ્લામ', મોહદ્દિષે કબીર (મહાન મોહદ્દિષ) છે તેથી જૂઠ બોલવા જૂઠ લખવામાં પોતે અગ્રિમતા ધરાવે છે. 'શહાબુષ્ષકિબ'માં ૧૨૫ થી વધુ જૂઠાં લખાણો જોવાં હોય તો ''રદ્દે શેહાબુષ્ષાકિબ'' મુફતી શાહ અજમલ સાહબ



સંભલી رحمۃ اللہ علیہનું વાંચન કરી જશો. હદ તો ત્યારે થઈ કે પોતાના કુફ્રી અકીદાઓના અનુમોદનમાં પોતાને મન ફાવતી (દિલમાં આવી તેવી) ફર્ઝી (બનાવટી) બે (કિતાબો) પણ ઘડી લીધી. એ પછી એ બનાવટી કિતાબોના હવાલા રજૂ કરતાં લખ્યું છે કે :–

**હવાલો : (૧)** ''જુઓ જનાબ શાહ હમઝા સાહબ મારહરવી મર્હૂમ 'ખઝીનતુલ ઔલિયા' મુદ્રાણાલય, કાનપુર, પાના નં ૧૫માં લખે છે કે.......'' *(શેહાબુષ્ષાકિબ)*

**હવાલો : (૨)** મૌલ્વી રઝાઅલી (ઈમામ અહમદ રઝાના દાદા) ''હિદાયતુલ ઈસ્લામ'' મુદ્રાણાલય સુબ્હ સાદિક સીતાપુર, પાના. ૩૦માં ફર્માવે છે કે ........*(શેહાબુષ્ષાકિબ)*

તો દરેક ખાસ તથા આમે જાણવું જોઈએ કે, ન તો આ'લા હઝરતના દાદાપીર હુઝૂર સૈયદ હમ્ઝા મારહરવી رحمۃ اللہ علیہએ ખઝીનતુલ ઔલિયા નામની કોઈ કિતાબ લખી છે ! અને ન તો આ'લા હઝરતના દાદા હઝરત મૌલાના રઝા અલીખાં બરેલ્વી رحمۃ اللہ علیہએ 'હિદાયતુલ ઈસ્લામ'નામની કોઈ કિતાબનું સંપાદન કર્યું છે ! પ્રસ્તુત બંને હવાલાઓવાળી કિતાબનું દુનિયાભરમાં કયાંયે નામો નિશાન નથી. આ ફકત દેવબંદીના શયખુલ હદીષ હુસૈન અહમદ ટાંડવી સાહબના નવી વાત ઉપજાવનાર ભેજાની ઉપજ છે કે તેમણે પ્રસ્તુત બન્ને ખ્યાલી કપોળ કલ્પિત કિતાબોનાં નામ ઘડયાં, એટલુ જ નહીં પણ તે કિતાબના લેખકની સાથો સાથ મુદ્રણાલયો અને પાનાંઓ સહિત હવાલા ઘડી કાઢવાની કુચેષ્ટા સુધી પહોંચી ગયા !

જો પ્રસ્તુત કાર્યવાહી (બનાવટી ઈબારતો–લખાણ) વિગેરેની કાર્યવાહી વહાબી ધર્મમાં નાજાઈઝ કે હરામ હોત તો, તેને તે વ્યકિત કઈ રીતે અંજામ આપી શકે કે જે વહાબી કૌમના શયખુલ

ઈસ્લામ, દેવબંદ મદ્રસાના મોહદ્દિષે કબીર, દેવબંદી દુનિયાના પીરે તરીકત રહ્યા હોય !!! છતાં હકીકત તે જ છે જે હું અગાઉ કહી ગયો છું કે, વહાબિયતના અનુમોદન તથા ટેકામાં જૂઠ બોલવું તથા જૂઠ લખવું અમલે સાલેહ(નેક કાર્ય) અને કયારેક બનાવટી હવાલા આપવા સવાબનું કામ થઈ જાય છે, અને બનાવટી ઈબારતો ઘડી કાઢવી દીનની ખિદમત છે ! તેથી જ દેવબંદી મોહદ્દિષ હુસૈન અહમદ ટાંડવી સાહબે કશો પણ ખચકાટ અનુભવ્યા વગર આવું નેક કાર્ય(મનઘડત ઈબારતોવાળુ લખાણ) અંજામ આપ્યું અને તેના બદલામાં દેવબંદી ઉલમા અને વહાબી પેશ્વાઓ પાસેથી ‘‘શયખુલ ઈસ્લામ’’નો ખિતાબ મેળવ્યો. *(સવાનેહે આ'લા હઝરત)*

સુન્નીઓ ! સમજો ! જે ધર્મમાં એવો અકીદો હોય કે ''અલ્લાહ પાક જૂઠુ બોલી શકે છે'' તે ધર્મવાળા પોતે કેટલા જૂઠા હશે એનો વિચાર કરો ! અને સમજીને તેમનાથી હજી સગાઈ સંબંધ, દોસ્તી, ઉઠક બેઠક હોય તો આજથી જ કટ કરી તૌબા કરી લો અને ઈમાનના આ લૂટારાઓથી દૂર થઈ જાવ એમાં જ તમારી તથા તમારી આવનારી પેઢીની બંને જહાનની ભલાઈ છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સર્વ બદ્મઝહબોથી આપણને આપણી ઔલાદને તાકયામત પોતાની પનાહમાં રાખે. (આમીન)

**آمین بجاہ النبی الکریم علیه افضل الصلوٰة و التسلیم**



## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺ ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા ﷺ ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે **''બરકાતે ખ્વાજા''** માસિક આપની સેવામાં હાજર છે.

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

### ★ લવાજમ ★

| | | | |
|---|---|---|---|
| ★ વાર્ષિક લવાજમ | રૂા. ૧૪૫ | ★ વિદેશ માટે | £ 15 |
| ★ આજીવન | રૂા. ૪૦૦૦ | ★ પેટ્રન ફી | રૂા.૧૮૦૦ |
| ★ વિદેશ માટે આજીવન£ | 250 | ★ વિદેશ માટે પેટ્રન | £ 150 |

### ★ સંપર્ક સરનામુ ★

**બરકાતે ખ્વાજા (માસિક)**, C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન,
ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨)૨૮૦૦૧૧,૨૮૦૧૯૨,૨૮૦૨૯૨ મો.૯૪૨૭૪ ૬૪૪૧૧